પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૦ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તર કોરિયા-અમેરિકા વચ્ચે યુદ્ધના ભણકારા

**અમેરિકાએ તાકાતનું પ્રદર્શન કર્યું : કોરિયન ઉપરથી ચાર ફાઇટર જેટ, બે બોંબર ઉડાવ્યા : ઉત્તર કોરિયાના નવેસરથી પરમાણુ અને મિસાઇલ પરીક્ષણ બાદ અમેરિકા અને દક્ષિણ કોરિયા સંયુક્તરીતે શક્તિ પ્રદર્શન કર્યું : વિશ્વના દેશો ચિંતાતુર**




નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે વિવાદ વધુને વધુ ઘેરો બની ગયો છે. વધતી જતી કટોકટી વચ્ચે અમેરિકાએ પણ આજે યુદ્ધ વિમાન ઉડાવીને ઉત્તર કોરિયાને પોતાની તાકાત દર્શાવી હતી. ઉત્તર કોરિયા તરફથી તાજેતરમાં ન્યુક્લિયર અને મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ અમેરિકામાં ચાર ફાઈટર જેટ અને બે વર્ધક વિમાનોને કોરિયન દ્વીપ ઉપર ઉડાવીને પોતાની તાકાત દર્શાવી હતી. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રીએ માહિતી આપતા કહ્યું હતુંકે, અમેરિકા દ્વારા યુદ્ધ વિમાનો ઉત્તરકોરિયા ઉપરથી ઉડાવવામાં આવ્યા છે. ફાઈટર જેટ અને બોંબરો કોરિયન દ્વીપ ઉપરથી પસાર થયા છે. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ચારએફ-૩૫બી ફાઈટર જેટ અને બે બી-૧બી બોંબવર્ષક વિમાનોને દ્વીપ ઉપરથી ઉડાવવામાં આવ્યા હતા. અમેરિકાએ પોતાની તાકાત અને કુશળતા બંને દર્શાવી દીધી છે. દક્ષિણ કોરિયાની સાથે મળીને અમેરિકાએ તાકાતનું પ્રદર્શન કર્યુંછે. ઉત્તર કોરિયાની પરમાણુ અને મિસાઈલ હુમલાની ધમકી વચ્ચે આ શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રોહિંગ્યા મુસ્લિમોનું સમર્થન કરનાર નેતા ભાજપમાંથી સસ્પેન્ડ



રોહિંગ્યા મુસ્લિમોના પક્ષમાં બોલનાર ભાજપના મહિલા નેતાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ભાજપના નેતા બેનઝીર અરફાને ફેસબુક પર પોસ્ટ મુકી મ્યાનમાર સરકાર સામે ભૂખ હડતાળમાં સામેલ થવાની માંગ કરી હતી.

### પેટ્રોલ, ડીઝલને જીએસટી હેઠળ લવાશે


પેટ્રોલીય પ્રોડક્ટને જીએસટી હેઠળ લાવવાની કવાયત તેજ બનાવી દેવાઈ છે. ટુંક સમયમાં પેટ્રોલ-ડીઝલ સહિતના પેટ્રોલીયમ પ્રોજેક્ટને જીએસટી હેઠળ લાવી દેવામાં આવતા ભાવમાં કેવો ફેર પડે છે તેના પર સૌની નજર છે.

### ઈલેક્ટ્રીક વ્હીકલના ટેન્ડર બીડની તારીખ લંબાવાઈ

ભારતમાં ટૂંક સમયમાં ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનો લોન્ચ કરવામાં આવશે. ઈલેક્ટ્રીક વાહનોના ટેન્ડર બીડની તારીખ ૨૨મી સપ્ટેમ્બર રાખવામાં આવી હતી. જો કે ભારત સરકારે હવે તેને લંબાવી દીધી છે.

# દિલ્હીથી અલકાયદાનો કુખ્યાત આતંકવાદી ઝડપાયો

**ઝડપાયેલા ત્રાસવાદીની ઓળખ શોમોન તરીકે થઇ : ઝડપાયેલા ત્રાસવાદીની પુછપરછ**



નવીદિલ્હી,તા. ૧૮

દેશના પાટનગરમાં આંતરરાષ્ટ્રીય ત્રાસવાદી સંગઠન અલકાયદાના એક શંકાસ્પદ ત્રાસવાદીની ધરપકડ કરી લેવામાં આવી છે. ટેરર મોડ્યુલના સફાયા માટે લાગેલી દિલ્હી પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને આ સફળતા હાથ લાગ્યા બાદ ઝડપાયેલા ત્રાસવાદીની આકરી પુછપરછ ચાલી રહી છે. ઝડપાયેલા ત્રાસવાદીનું નામ શોમોન હક હોવાનું જાણવા મળ્યું છે. હકને સેન્ટ્રલ દિલ્હીના વિકાસમાર્ગથી પકડી પાડવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષમાં અલકાયદા ત્રાસવાદી સંગઠન તરીકે સક્રિય આ સંગઠનના ચાવીરુપ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. સ્પેશિયલ સેલના અધિકારીઓએ વિગત આપતા કહ્યું છે કે, રવિવારે સાંજે તેને પકડી પાડવામાં આવ્યો હતો. શોમોન હક બિહારના કિસનગંજની પાસે આવેલા વિસ્તારનો નિવાસી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પલાનીસામી સરકાર પર સંકટના વાદળો

**આખરે દિનાકરણના ૧૮ સમર્થક ધારાસભ્યો ગેરલાયક જાહેર : તમિળનાડુ વિધાનસભાના અધ્યક્ષ દ્વારા કાર્યવાહી : દિનાકરણ છાવણીને મોટો ફટકો પડ્યો**

ચેન્નાઈ,તા. ૧૮

તમિળનાડુમાં ચાલી રહેલી રાજકીય ખેંચતાણ વચ્ચે ટીટીવી દિનાકરણ-વીકે શશીકલા છાવણીને આજે મોટો ફટકો પડ્યો હતો. વિધાનસભા અધ્યક્ષ પી ધનપાલ ટીટીવી દિનાકરણના ૧૮ સમર્થકોની મેમ્બરશીપ રદ કરી દીધી છે. વિધાનસભા અધ્યક્ષે બંધારણની કલમ ૧૦ હેઠળ આ ધારાસભ્યોને ગેરલાયગ જાહેર કરીદીધા છે. અધ્યક્ષ તરફથી આ કાર્યવાહી કરવામાં આવ્યા બાદ પલાનીસામીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર ઉપર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. વિધાનસભા સચિવ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વિધાનસભા અધ્યક્ષે પક્ષાંતર કાયદા હેઠળ આ કાર્યવાહી કરી છે. હવે આ તમામ ૧૮ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા છે. સાથે સાથે તેમની વિધાનસભાની મેમ્બરશીપ ખતમ થઈ ગઈ છે. મુખ્યમંત્રી પલાનીસામી અને પનીરસેલ્વમની સામે મોરચો ખોલનાર દિનાકરણ માટે આને એક મોટા ફટકા તરીકે જોવામાં આવે છે. વિધાનસભા અધ્યક્ષે તમામ ધારાસભ્યોને પોતાની સામે ઉપસ્થિત થવા માટે કહ્યું હતું પરંતુ માત્ર કેટલાક ધારાસભ્યો અધ્યક્ષની સામે ઉપસ્થિત રહ્યા હતા. અનેક વખત નોટિસ મોકલવામાં આવ્યાબાદ પણ કેટલાકર ધારાસભ્યો ઉપસ્થિત રહી શક્યા ન હતા. પનીરસેલ્વમ અને પલાનીસામી છાવણીએ ગયા સપ્તાહમાં યોજાયેલી સામાન્ય બેઠકમાં વીકે શશીકલાને પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી બાદ સરકારી કર્મીઓ દ્વારા ડિપોઝિટની ઉંડી ચકાસણી

**સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની જાહેરાતથી કર્મચારીઓમાં ખળભળાટ : આવકથી વધુ રકમ જમા રહેશે તો તવાઈ**


નવી દિલ્હી,તા. ૧૮

નોટબંધી બાદ સરકારી કર્મચારીઓ દ્વારા જમા કરવામાં આવેલી રદ નોટને લઈને હવે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન તપાસ કરનાર છે. આ બાબત સપાટી પર આવ્યા બાદ હવે સરકારી કર્મચારીઓમા ંપણ દહેશત પ્રવર્તી રહી છે. સીવીસીના પ્રમુખ કેવી ચૌધરીએ માહિતી આપતા કહ્યુ છે કે કમિશને આ સંબંધમાં ઈન્કમ ટેક્સ ઓથોરિટી પાસેથી ડેટાની માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને રદ કરવાની જાહેરાત કરી હતી. લોકોને આ નોટ પોતાના બેંક ખાતામાં જમા કરવા માટે એક સમયમર્યાદા આપવામાં આવી હતી. ચૌધરીએ કહ્યુ હતુ કે તેઓએ આ પ્રકારની ટ્રાન્જેક્શન મોટા પાયે થયા હોવાને ધ્યાનમાં લઈને ટેક્સ ઓથોરિટી પાસેથી તપાસ કરવાને લઈને તરીકાના મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે અમને એ બાબત જોવાની જરૂર છે કે સરકારી કર્મચારીઓ દ્વારા જમા કરવામાં આવેલી રકમ તેમની આવકની મુજબ છે કે કેમ. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ પહેલા જ આ બાબતે કામ કરી રહ્યુછે. અમને હજુ સુધી ડેટા મળી રહ્યા નથી. ચૌધરીને આશા છે કે સીબીડીટી ડિપોઝિટને લઈને વધારે સારા આંકડા ઉપલબ્ધ કરાવશે. સીવીસી સરકારી કર્મચારીઓ અને સરકારી કંપનીઓમાં કામ કરનાર લોકોના મામલામાં તપાસ કરશે.

સીવીસીની હદમાં સામાન્ય રીતે ગ્રુપ એ અને બીના અધિકારી આવે છે. ચૌધરીએ કહ્યુ છે કે જો કોઈ વ્યક્તિ સીવીસીની હદમાં નથી તો પણ તેની સાથ જોડાયેલી કતમ એક મર્યાદાથી બહારછે તો તે મામલાને ચોક્કસપણે કાર્યવાહી માટે વિજિલન્સ અધિકારી પાસે મોકલી દેવામાં આવનાર છે. તેમણે કહ્યુ હતુ કે સીવીસી ખાસ કરીને નોટબંધીના ગાળા દરમિયાન જુદી જુદી વ્યક્તિ તરફથી કવામાં આવનાર શંકાસ્પદ ડિપોઝિટમાં તપાસ કરનાર છે.

# એનઆઈએના વડા તરીકે વાયસી મોદીની નિમણુંક

નવીદિલ્હી,તા. ૧૮



વર્ષ ૨૦૦૨માં ગુજરાત રમખાણ કેસોમાં તપાસ કરનાર સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમના ભાગરુપે રહેલા વરિષ્ઠ આઈપીએસ ઓફિસર વાયસી મોદી આજે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના વડા તરીકે નિમાયા હતા. એનઆઈએના વડા તરીકે મોદીની નિમણૂંક કરવામાં આવી હતી.

ફેડરલ તપાસ સંસ્થા હાલમાં આતંકવાદ સાથે સંબંધિત નાણાના મામલામાં તપાસ કરી રહી છે. ટેરર ફંડિંગ અને મની લોન્ડરિંગ સાથે સંબંધિત મામલામાં તેના દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. કેબિનેટની નિમણૂંક કમિટિ દ્વારા મોદીની નિમણૂંકને મંજુરી આપી દેવામાં આવી છે. ડીઓપીટી દ્વારા જારી કરવામાં આવેલા આદેશ મુજબ એનઆઈએના ડિરેક્ટર જનરલ તરીકે વાયસી મોદીની નિમણૂંક કરવામાં આવી છે. અન્ય આઈપીએસ ઓફિસર રજનીકાંત મિશ્રા સશસ્ત્ર સીમા બળ (એસએસબી)ના ડિરેક્ટર તરીકે નિમાયા છે. મોદી ૩૧મી મે ૨૦૨૧ સુધી આ હોદ્દો જાળવશે. તેમની નિવૃત્તી સુધી તેઓ આ હોદ્દા ઉપર રહેનાર છે. એસીસી દ્વારા એનઆઈએમાં સ્પેશિયલ ડ્યુટી પર રહેલા અધિકારી તરીકે મોદીની નિમણૂંકને મંજુરી આપી છે. તાત્કાલિક અમલ સાથે આ નિમણૂંક કરાઈ છે. મોદી આસામ-મેઘાલય કેડરના ૧૯૮૪ની બેંચના આઈપીએસ ઓફિસર છે. હાલમાં સીબીઆઈમાં સ્પેશિયલ ડિરેક્ટર તરીકે રહ્યા છે.

# માર્શલ અર્જનસિંહના અંતિમ સંસ્કાર

**રાજકીય સન્માન સાથે ૧૭ તોપ અને ફ્લાઈંગ પાસ્ટથી સલામી અપાઇ**





નવીદિલ્હી,તા. ૧૮

ભારતીય હવાઈદળના માર્શલ અર્જન સિંહનું આજે અંતિમસંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યુ હતુ. માર્શલને ૧૭ તોપની અને ફ્લાઈ પાસ્ટથી સલામી આપવામાં આવી હતી. તેમના અંતિમસંસ્કાર વેળા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન હાજર રહ્યા હતા. તેમના સન્માનમાં અહીં સોમવારના દિવસે તમામ સરકારી ઈમારતોમાં રાષ્ટ્રીય ધ્વજ અડધીકાઠીએ રખાયા છે. સિંહના અંતિમ સંસ્કાર આજે સવારે ૧૦ વાગે અહીં બરાર સ્કેવરમાં કરવામાં આવ્યા હતા. એ વખતે તમામ મોટી હસ્તીઓ હાજર રહી હતી. અર્જન સિંહનું સેનાના રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં અવસાન થયું હતું. ગઈકાલે રાષ્ટ્રપતિ કોવિંદ અને સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને પણ તેમના અંતિમ દર્શન કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. ગૃહમંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, તેમનું રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

# આરકે સ્ટુડિયોમાં લાગેલી આગમાં તમામ યાદો ખાક

**નરગીસથી લઇને ઐશ્વર્યા સુધીની યાદો હતી : ઘટનાથી ઋષિ કપૂરને આઘાત**

મુંબઈ, તા. ૧૮

આરકે સ્ટુડિયોમાં આગની ઘટનાના કારણે કપૂર પરિવાર આઘાતમાં ગરકાવ છે. ખાસ કરીને ઋષિ કપુર ખુબ જ દુખી થયેલા છે અને આઘાતમાં પણ છે. તેને હજુ સુધી વિશ્વાસ થઈ રહ્યો નથી કે, ચેમ્બુરમાં શોમેન રાજકપૂર દ્વારા બનાવવામાં આવેલા આરકે સ્ટુડિયોમાં આગના કારણે અભૂતપૂર્વ નુકસાન થઈ ચુક્યું છે. ઋષિ કપૂરે કહ્યું છે કે, આગની ઘટના બાદ તે હજુ પણ ખુબ જ આઘાતમાં છે. તે કલાકો સુધી સ્ટુડિયોને જોતો રહ્યો હતો અને પરેશાન અને નિસહાય અનુભવ કરી રહ્યો હતો. પોતાના ઘરે વાતચીત કરતા રિશી કપૂરે કહ્યું છે કે, આગના કારણોમાં તપાસ ચાલી રહી છે પરંતુ હજુ પણ એક ખરાબ સપનાની જેમ લાગે છે. શનિવારે મોડી રાત્રે ૨.૨૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નિકળી હતી. પહેલા શુક્રવારના દિવસે આરકે સ્ટુડિયોમાં એક રિયાલીટી શો સુપર ડાન્સનું શૂટિંગ કરવામાં આવ્યું હતું કે, સેટના લાઈટ અને મેકઅપ રૂમને બંધ કરી દેવામાં આવ્યા હતા. ઋષિ કપૂરે આરકે સ્ટુડિયો સાથે જોડાયેલી પોતાની યાદ તાજી કરી હતી. રિસીએ કહ્યું હતું કે, અનેક યાદગાર ફિલ્મોનું શૂટિંગ આ સ્ટુડિયોમાં કરાયું હતું જેમાં શ્રી ૪૨૦, જિસ દેશ મેં ગંગા બહતી, મેરા નામ જોકર, સત્યમ શિવમ સુંદરમ, રામ તેરી ગંગા મેલી, ધરમ કરમ અને

● અનુસંધાન પાન-૭ પર


## અભિનંદન



**હીના પટેલ**

પૂર્વ પ્રમુખ,
જિલ્લા પંચાયત, ગાંધીનગર
કારોબીર સભ્ય, પ્રદેશ ભાજપ

**આપના જન્મદિને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ...**

- મિત્ર પરિવાર



